# સત્યમના રાજુ તેમજ અન્યોની ૮૨૨ કરોડની સંપત્તિ જપ્ત

## એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સંપત્તિ જપ્ત કરી દેવાઇ : હૈદરાબાદ ઝોનલ ઓફિસ દ્વારા હુકમ જારી કરી દેવાયા

નવી દિલ્હી, તા. ૧૮

દેશભરના કોર્પોરેટ જગતમાં ખળભળાટ મચાવનાર સત્યમ કોમ્પ્યુટર કૌભાંડ કેસમાં એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ આજે મુખ્ય આરોપી બી રામલિંગા રાજુ અને તેમના પરિવારની ૮૨૨ કરોડ રૂપિયાની ફીક્સ્ડ ડીપોઝીટોને ફ્રીઝ કરી જપ્ત કરવાનો આદેશ કર્યો છે. હૈદરાબાદ સ્થિત ઈડીની ઝોનલ ઓફિસે જારી કરેલા આદેશ અનુસાર સત્યમ કોમ્પ્યુટર્સ અને સર્વિસીઝ લિમિટેડના ખાતામાં રહેલી તમામ ડિપોઝીટોને ટાંચમાં લેવામાં આવવાનું કારણ એ છે કે તેના મૂલ્યને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ગુનાહિત અસ્કયામતો ગણાશે. ઈડીના જપ્તીના આદેશ અનુસાર કંપનીના આંધ્રબેંક, બેંક ઓફ બરોડા, આઈડીબીઆઈ અને આઈએનજી વૈશ્ય બેંકોના ખાતાને પણ સ્થગિત કરી દેવાયા છે. રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હી સ્થિત પીએમએલએની કાયદાકીય સંસ્થા સમક્ષ ઈડી એ આ અંગે ફરિયાદ પણ દાખલ કરી છે. આ આદેશ અનુસાર રાજુ અને તેમના પરિવારનાં સભ્યોએ કૌભાંડમાં સપડાયેલી કંપનીની વિશ્વસનીયતા અંગે ખોટી માહિતી પ્રકાશિત કરાવીને રોકાણકારોને શેર ખરીદવા માટે પ્રલોભન અને લાલચ આપી હતી.

નોંધનીય છે કે પીએમએલએ હેઠળ જપ્ત કરાયેલા જપ્તીનો અર્થ એવો છે કે આ પ્રકારની અસ્કયામતોનો આરોપી દ્વારા ઉપયોગ કરી શકાશે નહીં અને કાયદામાં જણાવેલી કાયદાકીય સંસ્થા સમક્ષ જ ઈડીના આ આદેશને પડકારી શકાશે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે સમગ્ર કૌભાંડ બહાર આવ્યું ત્યારે રામલિંગા રાજુ સત્યમ કોમ્પ્યુટર્સના ચેરમેન હતા. સત્યમ કોમ્પ્યુટર્સના ૨૧૭૧.૪૫ કરોડમાના જ આ ૮૨૨ કરોડ રૂપિયા



હોવાની જપ્ત કરવામાં આવે છે. ૨૦૦૯માં સીબીઆઈએ એફઆઈઆરના આધારે બે ચાર્જશીટ રજૂ કરી હતી. જેના સંદર્ભે જ ઈડીએ પણ અલગથી કેસ નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

૨૦૦૧થી ૨૦૦૮ના સમયગાળા દરમ્યાન ચેરમેનપદે રહી વી. રામાલિંગા રાજુએ કંપનીના ખોટા આંકડાઓ પ્રસિદ્ધ કરી રોકાણકારોને લલચાવ્યા હતા. શેરબજારમાં કંપનીનું આર્થિક ચિત્ર ફુલગુલાબી રજૂ કરવા ખાતાઓમાં ગેરરીતિ આચરી હોવા છતાં પર્દાફાશ રાજુએ જ સ્વીકાર્યા હતા.

### હુમલામાં અન્ય સાત જવાન ઘાયલ થયા

## બિહારમાં ભીષણ નક્સલવાદી હુમલામાં ૪ જવાનોના મોત

પટના,તા.૧૮

નક્સલવાદીઓએ બિહારમાં ગયા જિલ્લામાં ચક્કબંદા વન્યવિસ્તારની નજીક આઈઈડી બ્લાસ્ટ કરીને વાહનને ફૂંકી મારતા આમા સીઆરપીએફના ચાર જવાનોના મોત થયા હતા અને અન્ય સાત જવાનો ઘાયલ થયા છે. પોલીસ અધિકારી અપ્સર હુસૈને માહિતી આપતા કહ્યું છે કે મૃત્યુ પામેલા જવાનોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં રામજી રામ, હવાલદાર લાલબાબુ, જવાન વિક્રમાદિત્ય યાદવ અને અશોક નિરાલાનો સમાવેશ થાય છે. પોલીસે કહ્યું છે કે આ બ્લાસ્ટમાં ઘાયલ થયેલા સાત જવાનો પૈકી છની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી આ તમામ જવાનોને સારવાર માટે હેલિકોપ્ટર મારફતે પટના મેડીકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય એક જવાનને ગયા સ્થિત નારાયણ મગધ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સીઆરપીએફના અન્ય એક જવાનને લાપત્તા દર્શાવવામાં આવ્યો છે જેની શોધખોળ ચાલી રહી છે. સીઆરપીએફની ૧૫૯ની બટાલિયનના જવાનો આ વિસ્તારમાં નક્સલવાદ વિરોધી ઓપરેશનમાં હતા ત્યારે આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટ કરવા માટે મોટાપ્રમાણમાં વિસ્ફોટકોનો ઉપયોગ કરાયો હતો જેના કારણે વાહનના ફૂરચે ફૂરચા ઊડી ગયા હતા. બનાવની જાણ થતાં જ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વિસ્ફોટક વિસ્ફોટ કર્યા બાદ સીઆરપીએફ જવાનાના હથિયાર માઓવાદીઓ લઈને ફરાર થઈ ગયા હોવાની બાબત પણ જાણવા મળી છે.

# કેબિનેટમાં સામેલ નહીં થવાનો રાહુલનો નિર્ણય

નવી દિલ્હી,તા.૧૮

દુર્ગા પૂજા બાદ કેન્દ્રીય પ્રધાન મંડળમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવનાર છે. કેબિનેટમાં



ફેરફારને લઈને ચાલી રહેલી ચર્ચાના દોર વચ્ચે રાહુલે કેબિનેટ પ્રધાન બનવાનો ઈન્કાર કરી દીધો છે. રાહુલ માને છે કે પ્રધાન બની ગયા બાદ તેમની પાસે સંગઠનને મજબૂત કરવા માટે પૂરતો સમય રહેશે નહીં. આ ઉપરાંત ગુજરાત અને હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી પણ આ વર્ષે યોજાનાર છે. નવા વર્ષે અન્ય રાજ્યોમાં પણ ચૂંટણી યોજાનાર છે તે જોતા રાહુલ હાલ સંગઠનનો મજબૂત કરવા મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરશે. રાહુલ હાલમાં સંગઠનમાં રહીને પોતાનું કામ કરવા માગે છે. સૂત્રોના જણાવ્યા મુજબ મનમોહનસિંહ સરકારે કેબિનેટમાં સામેલ થવા રાહુલને આમંત્રણ આપ્યું હતું. ગઈકાલે બંને નેતાઓ વચ્ચે પ્રધાન મંડળમાં ફેરફાર ઉપરાંત તેલંગાણાના મુદ્દે ચર્ચા થઈ હતી.

આ બેઠકમાં રાહુલ ગાંધીને કેબિનેટમાં સામેલ થવા આમંત્રણ આપ્યું હતું પરંતુ રાહુલે સંગઠનમાં રહેવાની તૈયારી બતાવી હતી. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે ૨૬મી અને ૨૯મી ઓક્ટોબર વચ્ચે કેબિનેટનું વિસ્તરણ અને ફેરફાર કરવામાં આવનાર છે જે ગાળામાં કેટલાક નવા પ્રધાનોને શપથ લેવડાવવામાં આવશે. કેટલાક વિવાદાસ્પદ અને હાલ ખરાબ દેખાવ કરી રહેલા પ્રધાનોની હકાલપટ્ટી કરવામાં આવે તેવી પણ સંભાવના છે. આ ઉપરાંત એવી ચર્ચા પણ છે કે જે પ્રધાનો પાસે બે બે ખાતાઓ છે તે ખાતાઓ તેમની પાસેથી પરત લઈ લેવામાં આવશે. ફેરફારથી પહેલાં વડાપ્રધાન રાહુલ ગાંધી સાથે વધુ એક બેઠક કરે તેવી શક્યતા છે.

હકીકતમાં રાહુલ સંગઠન ઉપર ધ્યાન આપવા માગે છે. એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે આ વર્ષે ગુજરાત અને હિમાચલમાં ચૂંટણી યોજાનાર છે. આ ઉપરાંત મધ્ પ્રદેશ, રાજસ્થાન અનો છતીસગઢમાં આગામી વર્ષે ચૂંટણી યોજાનાર છે. આવી મહત્વપૂર્ણ ચૂંટણીને ધ્યાનમાં લઈને રાહુલની જરૂર પડશે તેમ પક્ષના લોકો માની રહ્યા છે.

## અણ્ણા હજારે જાન્યુઆરીથી ફરી જનલોકપાલ જંગ છેડશે

મુંબઈ,તા. ૧૮

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આખરે જાન્યુઆરી મહિનાથી ફરી એકવાર ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન છેડવાની જાહેરાત કરી દીધી છે. જાન્યુઆરી મહિનાથી જનલોકપાલ જંગની શરૂઆત કરવામાં આવશે. અણ્ણાએ કહ્યું છે કે જનલોકપાલ અને ભ્રષ્ટાચાર મુક્ત ભારત માટે લડાઈ માટે કમર કસી લેવામાં આવી છે. હજારેએ કહ્યું છે કે તાજેતરમાં મોતિયાના ઓપરેશનના કારણે દેશવ્યાપી આંદોલનમાં વિલંબ થતા હાલમાં અટકળો ચાલી હતી. હવે આંદોલન માટે તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે દેશવ્યાપી પ્રાવસની શરૂઆત જાન્યુઆરી મહિનામાં એ જગ્યાએ શરૂ થશે જયાંથી જયપ્રકાશ નારાયણે તેમના આંદોલનની શરૂઆત કરી હતી. ગાંધીવાદી નેતાએ કહ્યાં હતું કે જનલોકપાલ અને ભ્રષ્ટાચાર મુક્ત ભારત માટે જાન્યુઆરીથી આંદોલનની શરૂઆત કરાશે. પટણાના ગાંધી મેદાનથી આની શરૂઆત કરાશે. રાષ્ટ્રવ્યાપી સંગઠન બનાવવા માટે કામ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે ૧૪મી ઓક્ટોબરના દિવસે બેઠક મળી હતી. અણ્ણાએ જાન્યુઆરી મહિનાથી આંદોલન કરવાની જાહેરાત કર્યા બાદ રાજકીય પક્ષોમાં ફરી ચિંતાનું ફરી વળ્યું છે.

## છતીસગઢ-મધ્ય પ્રદેશમાં ધરતીકંપથી ભારે દહેશત

રાયપુર,તા.૧૮

છતીસગઢ અને મધ્ય પ્રદેશમાં સરહદી વિસ્તારોમાં આજે સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે ૮ વાગે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. છતીસગઢના સરગુજા અને વિલાસપુરમાં ઘણા જિલ્લાઓમાં




ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. ભૂકંપ સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે ભૂકંપનું કેન્દ્ર મધ્ય પ્રદેશના શહેડોલ જિલ્લામાં હતુ. રિક્ટલ સ્કેલ ઉપર ભૂકંપની તીવ્રતા પાંચ આંકમાં આવી છે.

વિલાસપુર જિલ્લાના અધિકારીઓએ કહ્યું છે કે છતીસગઢના અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકો અને મધ્ય પ્રદેશના ઘણા ભાગોમાં રહેતા લોકોને આંચકાનો અનુભવ થયો હતો. ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. તંત્ર દ્વારા નુકસાનની ખાતરી કરવાના પ્રયાસો હાથ ધરાયા છે.

## ભારત પોતાનો બચાવ કરવામાં સક્ષમ છે : એન્ટોની

નવી દિલ્હી,તા.૧૮

સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ આજે કહ્યું હતું કે ભારત-ચીન વચ્ચે વર્ષ ૧૯૬૨માં યુદ્ધ થયા બાદથી ભારતે તેની લશ્કરી તાકાતમાં વધારો કર્યો છે. ભારત તેનો બચાવ કરવામાં સંપૂર્ણપણે સક્ષમ છે. તેમણે ઉમેર્યું હતું કે ઉત્તરપૂર્વમાં ઈન્ફ્રાસ્ટ્રકચર હજુ સુધી સંપૂર્ણપણે સંતોષજનક નથી. પરંતુ ભૂતકાળની સરખામણીમાં અનેક ગણો વધારો કરવામાં આવ્યો છે. નૌકા સેનાની એક પરિષદના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા એન્ટોનીએ કહ્યું હતું કે અમે હવે અમારી ભૂમિના રક્ષમ માટે સંપૂર્ણપણે તૈયાર અને સક્ષમ છીએ. વર્ષ ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચે યુદ્ધના ૫૦ વર્, બાદ ભારત અને ચીનની તુલના અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે ભારત આજે શક્તિશાળી છે. એન્ટોનીએ કહ્યું હતું કે ભુતકાળમાં અમે ઉત્તરપૂર્વીય રાજયોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવા પર ખાસ ધ્યાન આપી રહ્યા ન હતા પરંતુ હવે ખુબ ઝડપથી આ દિશામાં આગળ વધી રહ્યા છીએ. સ્થિતી હવે બદલાઈ ગઈ છે. ભુતકાળની સરખામણીમાં ઈન્ફ્રાસ્ટ્રકચર, સંપત્તિ અને મેનપાવરમાં વધારો થઈ ગયો છે.



સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે ભારત તેના માળખાને વધારે મજબુત કરવા પર ખાસ ધ્યાન આપશે. તેના સશસ્ત્ર દળોને અતિ આધુનિક અને નવી ટેકનોલોજીના હથિયારો આપવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે સરહદી મુદ્દે ચીન સાથે વાતચીત ચાલી રહી છે. તેની સાથે મૈત્રીપૂર્ણ સંબંધોને ટકાવી રાખવા માટે ભારત કટિબદ્ધ છે. એન્ટોનીએ કહ્યું હતું કે એકબાજુ અમે અમારી સરહદ પરની ક્ષમતામાં વધારો કરી રહ્યા છીએ બીજી બાજુ ચીન સાથે બોર્ડ મેનેજમેન્ટ વ્યવસ્થાને જાળવી રહ્યા છીએ. બન્ને દેશો સારી રીતે કામ કરી રહ્યા છે.

સાઈબર સુરક્ષાના મામલે એન્ટોનીએ કહ્યું હતું કે અમે સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છીએ. આ દુષણને રોકવાના તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. નૌકા સેનાની હેલિકોપ્ટરની જરૂરીયાત અંગે સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે હેલિકોપ્ટરની ચોક્કસપણે થોડીક અછત છે. પરંતુ આ તકલીફને દુર કરવાના તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. આ સપ્તાહમાં ચેતક હેલિકોપ્ટર તુટી પડતા ત્રણ જવાનોના મોત થયા હતા. તેમણે કહ્યું હતું કે કાયદા હેઠળ મહત્તમ લાભ જવાનોના પરિવારને મળે તેવા પ્રયાસો સતત કરવામાં આવી રહ્યા છે.

## સમાચાર ઝલક

- ટાટા-અંબાણી ગામડાઓમાં શાળાઓ ખોલશે, સરકાર સાથે ભાગીદારીમાં, માધ્યમિક સ્કૂલો ખોલવા તૈયાર.
- નિર્દોષ ન છૂટે ત્યાં સુધી આરોપી જનસેવકોને ભ્રષ્ટ જ માનવા : સુપ્રીમકોર્ટ.
- ભારતીય બાપુની કારમાંથી ચૂંટણીપંચે પાંચ લાખ કબજે કરતાં સનસનાટી, સંતોમાં ઉગ્ર રોષ.
- કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણની અટકળો ફરી તેજ.
- નોરતાની શરૂઆતથી જ જામ્યો નવરાત્રિનો રંગ.
- ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળમાં ગંગાનદી હવે કેન્સરના ખતરનાક મુળ તરીકે બની છે.
- બ્યુટી ક્વિન ઐશ્વર્યા રાય હવે પટકથા વાંચવામાં વ્યસ્ત છે.
- કચ્છ-જામનગરમાં ભૂકંપના આંચકા.
- પોસ્ટ ખાતાના ગ્રામ્ય કર્મચારીઓની હડતાળ યથાવત.
- પારલેની મેંગો બાઇટનું વેચાણ બંધ કરવા આદેશ, એસિડ ભેળવાય છે.
- અદાણી સેઝ નામંજૂર થતાં મુંદ્રાના જમીનોનાં ભાવ ગગડ્યાં.
- સાબરમતી જેલ વિશ્વની પ્રથમ ગીન જેલ બનશે.
- ટી.વી. જોવાની ટેવને જીવનાં જોખમ સાથે સરખાવતાં સંશોધકો.
- રોકડ વ્યવહારો પર અંકુશ, વેપાર જગતમાં દિવાળી ટાણે 'હોળી'.
- ખોડલધામમાં મહાઆરતીનાં દર્શન કરી લેઉવા પટેલ સમાજના લાખો ભાવિકોએ ધન્યતા અનુભવી.
- બ્રિટીશ નવલકથાકાર હિલેરી મેન્ટેલને 'બુકર' પુરસ્કાર.
- સૈન્ય તાકાતમાં ચીન એશિયામાં હવે સૌથી આગળ નીકળ્યું છે : અમેરિકન અહેવાલ.
- આચારસંહિતાનાં નામે રાજકારણીઓ બદલે પ્રજાને બાનમાં લેતું ચૂંટણીતંત્ર, રીતસર આતંક.
- બજારોમાં 'ટુ ઇન વન' ગુટખા ઠલવાઇ. પ્રતિબંધથી બચવા માટે.

## રાહુલ ગાંધીની રાષ્ટ્રપતિ પ્રણવ સાથે લાંબી બેઠક

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રિય કેબિનેટમાં ફેરફારને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે આજે રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળ્યા હતા. તેમની વચ્ચે બેઠક અડધા કલાક સુધી ચાલી હતી. બેઠક દરમિયાન કયા મુદ્દે વાતચીત થઈ તે અંગે વધુ માહિતી મળી શકી નથી. વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ હાલમાં રાષ્ટ્રપતિને મળી ચુક્યા છે. સુત્રોએ કહ્યું છે કે કેન્દ્રિય ગૃહ પ્રધાન સુશીલ કુમાર શિન્દે પણ પ્રણવને મળ્યા છે. આ બન્ને નેતાઓએ સુરક્ષા સાથે સંબંધિત પાસા પર વિચારણા કરી હોવાનું જાણવા મળ્યુંછે. શિન્દે હાલમાં જ જમ્મુ કાશ્મીરની ત્રણ દવિસની યાત્રા કરીને આવ્યા છે. કાશ્મીરમાં શિન્દે ટોચના સુરક્ષા અધિકારીઓ અને રાજ્યના અધિકારીઓને મળ્યા હતા. રાજ્ય સરકારના ટોચના અધિકારીઓ સાથે પણ શિન્દેએ બેઠક યોજી હતી.

# નાણાંકીય વર્ષમાં ભારતનો વિકાસદર ૫.૯ ટકા રહેશે

નવી દિલ્હી, તા. ૧૮

ભારત વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૫.૯ ટકાના વૃદ્ધિદર મેળવશે તેમ યુએન એજન્સીએ કહ્યું હતું. યુએન ઈકોનોમીક એન્ડ સ્પેશ્યીલ કમિશન ફોર એશિયા અને પેસીફીક (એસ્કેપ)એ કહ્યું હતું કે, ૨૦૧૧થી ભારતનો વૃદ્ધિદર ધીમો પડી ગયો છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા નાણાંકીય પગલાં કડક બનાવી લેવામાં આવતાં અર્થતંત્ર મંદ પડી ગયું છે. એસ્કેપ એ દક્ષિણી અને દક્ષિણી પશ્ચિમ એશિયા ડેવલોપમેન્ટ રીપોર્ટ ૨૦૧૨-૧૩ના શીર્ષક હેઠળ જણાવ્યું છે કે ગત નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ના ૬.૫ ટકાના દરની તુલનાએ વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં વૃદ્ધિદર ૫.૯ ટકા રહે તેવી સંભાવના છે. જ્યારે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે ભારતનો વૃદ્ધિદર ૬.૮ ટકા નિર્ધારતાં અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હવે આર્થિક સંકટ પૂર્ણતાને આરે છે. અર્થતંત્ર ફરી પાટા પર લાવવા માટે છેલ્લા બે માસમાં ભારતે લીધેલા પગલાંનો ઉલ્લેખ પણ અહેવાલમાં કરાયો છે. ગત મહિને મલ્ટીબ્રાન્ડ રીટેલનો એફડીઆઈનો નિર્ણય કરી અર્થતંત્ર વેગવાન બનાવવાનો ભારત સરકારે સંકેત આપ્યો છે. આ ઉપરાંત પ્રારંભિક દહેશત જેટલી ચોમાસુ કમિશન નબરી રહી નથી. છેલ્લા ૩ વર્ષમાં સરેરાશ ૮ ટકાનો વૃદ્ધિ દર મેળવ્યા બાદ ૨૦૧૧થી ભારતનો વૃદ્ધિદર ધીમો પડી ગયો છે. નાણાંકીય વર્ષ ૨૦૦૨-૦૩ બાદ ગત નાણાંકીય વર્ષ માટે સૌથી નીચો વૃદ્ધિદર ૬.૫ ટકા નોંધાયો હતો. અહેવાલમાં ફુગાવાના વધતા જતા દરને નિયંત્રણમાં લેવામાં આવેલા આરબીઆઈના પગલાંનો પણ ઉલ્લેખ કરાયો છે. દ્વિઅંકીમાં ફુગાવાનો દર પહોંચી ગયા બાદ આરબીઆઈએ તેને અનુકુળ સ્તરે લાવવા માર્ચ ૨૦૧૦થી ડિસેમ્બર ૨૦૧૧ સુધીમાં ૧૩ વખત ચાવીરૂપ વ્યાજદરોમાં ઘટાડો કરાતો હતો જેની પણ અસર વૃદ્ધિદર પર થવા પામી છે.

## ખુરશીદના ટ્રસ્ટ સામે આક્ષેપો અંગે દસ્તાવેજો આપવા હુકમ

લખનૌ,તા. ૧૮

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે કેન્દ્રિય કાયદા પ્રધાન સલમાન ખુરશીદ દ્વારા ચલાવવામાં આવતા ડોક્ટર જાકીર હુસૈન મેમોરિયલ ટ્રસ્ટ સાથે સંબંધિત તમામ દસ્તાવેજો રજૂ કરવા આજે ટેલિવીજન સમાચર ચેનલને આદેશ કર્યો હતો. નોટીસ ફટકારીને આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. ખુરશીદના ટ્રસ્ટ સામે આક્ષેપો મામલે દસ્તાવેજો માંગવામાં આવતા હવે કાયદાકીય જંગ શરૂ થસે. આક્ષેપો કરવામાં આવ્યા બાદ જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જસ્ટીસ ઉમા નાથ સિંહ અને જસ્ટીસ સતીશ ચન્દ્રાની બનેલી ડીવીઝન બેંચ દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આરટીઆઈના કાર્યકર નુતન ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીને ટકાવી રાખવા અંગે સુનાવણી ચલાવતી વેળા આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. એફઆઈઆર દાખલ કરવા માટે આદેશ આપવાની માંગ કરીને લખનૌ બેંચની રજિસ્ટ્રી સમક્ષ કરાયેલી અરજી પર સુનાવમી કરવામાં આવી હતી. અરજીમાં અપીલ કરવામાં આવી હતી કે કાયદા પ્રધાન ખુરશીદ અને તેમના પત્નિ દ્વારા ચલાવવામાં આવતા ટ્રસ્ટના કેસમાં કોર્ટદ્વારા ચાંપતી નજર રાખવામાં આવે તે જરૂરી છે.

## ધર્મશાલામાં પાંચમી વન-ડે રમાશે

નવી દિલ્હી, તા. ૧૮

આગામી વર્ષના જાન્યુઆરીમાં પ્રવાસી ઈંગ્લેન્ડ સામે રમાનારી વન-ડે શ્રેણીના સ્થળમાં બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડીયા (બીસીસીઆઈ)એ આજે ફેરફાર કર્યો હતો. બીસીસીઆઈએ આજે જારી કરેલા નવા કાર્યક્રમ મુજબ પંજાબ ક્રિકેટ એસોસિએશનના મોહાલી સ્થિત સ્ટેડીયમમાં ૨૩મીના રોજ રમાનારી ચોથી વન-ડે રમાશ. જે પહેલાના કાર્યક્રમ મુજબ ધર્મશાલામાં રમાવાની હતી. જ્યારે તેના ૩ દિવસ બાદ ૨૭મીએ ધર્મશાલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્થળમાં પદાર્પણ કરશે. શ્રેણીની અંતિમ વન-ડે ધર્મશાલામાં રમાશે. જે આ સ્ટેડીયમ પરથી પરથમ આંતરરાષ્ટ્રીય મેચ હશે. પહેલાં શ્રેણીની અંતિમ વન-ડે મોહાલીમાં રમવાની હતી. બીસીસીઆઈએ યાદીમાં વધુ જણાવ્યું હતું કે, ધર્મશાલામાં દિવસે મેચ રમાશે. જ્યારે અગાઉ ત્યાં ડે-નાઈટ મેચ રમાવાની જાહેરાત કરી હતી. બીજી બાજુ મોહાલી સ્થિત ચોથી વન-ડે ડે-નાઈટ હોવા છતાં ૨:૩૦ને બદલે બપોરે ૧૨ વાગે શરૂ થશે. જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં મોહાલી અને ધર્મશાલામાં આજે તાપમાનનો પારો એકદમ ગગડી જતો હોય છે. બંનેને ધ્યાનમાં રાખીને કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. ૨૭મીએ રવિવાર હોવાથી ધર્મશાલાના ક્રિકેટ ચાહકો માટે નિર્ણાયક મેચ જોવાનો શ્રેષ્ઠ મોકો છે. ઈંગ્લેન્ડ ચાલુ માસના અંતે પાંચ ટેસ્ટ મેચ, બે ટી-૨૦ અને પાંચ વન-ડે મેચ રમવા ભારત આવશે.

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૫) મેઘા. ડી. પટેલ : સે-૨૦થી

પ્રશ્ન - સૌથી વધુ કોલસાની ખાણો ધરાવતું રાજ્ય કયું છે?

જવાબ - ઝારખંડ

### ● આ સપ્તાહનો સવાલ...?

**રૉબર્ટ વાઢેરા પર કંઇ કંપનીને આર્થિક રીતે મોટો ફાયદો કરાવ્યાનો આક્ષેપ છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

[illegible]

[illegible]